# માતા : કુંવારી કે પરણેલી

–અવંતીકા ગુણવંત

પાર્કીંગ પ્લૉટમાં ઍની ક્યારેક ક્યારેક મળી જાય ને ખબર–અંતર પુછીએ. કટાઈ ગયેલી ઠાઠીયું ગાડીને સ્ટાર્ટ કરવા એ મથતી જોવા મળે. ગાડી મોટે ભાગે એને પજવતી હોય; પણ ઍની મને જુએ એટલે હસીને વાત કરે. જમણા કાને સાંભળે નહીં; એટલે ડાબો કાન મારી સામે ધરે અને કહે, “આ કાને બરાબર સંભળાય છે.”

એક દીવસ એ ઉતાવળમાં લાગી. મને કહે, “મારી દીકરી કેથેરાઈનની દીકરી ફ્લોરાને દીકરી આવી, જેઈની તેનું નામ. હું હૉસ્પીટલ જાઉં છું.”

હું નવાઈ પામી ગઈ. મેં કહ્યું, “એટલે કે તમે ‘વડી દાદી’ બન્યાં ? અભીનંદન; પણ તમારી ઉંમર શી?”

“ત્રેપન વરસ. મારી વીસ વર્ષની ઉંમરે કેથેરીન આવેલી. કેથેરાઈનને પંદર વર્ષની ઉંમરે ફ્લોરા ને ફ્લોરાને અઢારની ઉંમરે આ જેઈની,” ઉત્સાહથી એ બોલી.

“તો ફ્લોરાને તમે આટલી નાની ઉંમરે પરણાવી દીધી છે ?”

“પરણાવી નથી. હજી તો એ ભણે છે. આ તો એના બૉયફ્રેન્ડથી થયેલું બાળક છે.”

“પણ બાળક આવવાનું છે એ ખબર પડી ત્યારે જ લગ્ન કરાવી દીધાં હોત તો ?”

“કેવી રીતે થાય ? એ છોકરો હજી કમાતો નથી, ફ્લોરાની સાથે જ ભણે છે. લગ્ન કરીએ તોયે શું ? એમનું ઘર કેવી રીતે માંડે ? હાલ લગ્ન કરવાનો એમનો વીચારેય નથી.”

“તો બાળક કોણ ઉછેરશે ? કેવી રીતે ઉછેરશે ? એની જવાબદારી ?”

“હૉસ્પીટલનો ખર્ચ તો મેં આપ્યો. સીઝેરીયન કરાવવું પડયું. ફ્લોરા મારે ઘરે જ રહે છે.”

“ફ્લોરા તમારે ઘરે રહે છે ? તો એનાં માબાપ ક્યાં ?”

“ફ્લોરાના જન્મ પછી કેથેરાઈન દારુડીયણ થઈ ગઈ હતી. ફ્લોરા એને સોંપાય એવું હતું જ નહીં. ફ્લોરાને અને એની નાની બહેન રીટાનેય મેં જ ઉછેરી છે. અત્યારે એ એની મા પાસે છે.”

“કેથેરાઈન કુંવારી મા હતી ?” મારાથી એકાએક પુછાઈ ગયું.

મારા સવાલથી જરાયે આંચકો ખાધા વીના ઍનીએ કહ્યું, “હા.”

“આવું બને ત્યારે તમને બહુ દુખ થતું હશે ?”

“થાય જ ને ! રાતોની રાતો ઉંઘ ઉડી જાય. હવે શું કરું, શું કરું તે વીચારી વીચારીને હું બહાવરી બની જાઉં. ખુબ રડું.”

“ગર્ભપાત કરાવી નાખ્યો હોત તો ? બધું પતી જાત !”

‘‘ના, ના. એવું પાપ ન કરાય. જે જીવ આવવા ધારે એનું સ્વાગત જ હોય. પુરાણકાળથી કુંવારી માએ બાળકને જન્મ આપ્યો છે. આ વાત વાંચીએ ત્યારે વાર્તા જેવું લાગે; પણ પોતાના જીવનમાં એવું બને ત્યારે માથું કુટવાનું મન થઈ જાય. પણ એમ કર્યાથી થયું ન થયું ઓછું થવાનું છે ?’’

‘‘તમે નાનપણથી દીકરીને સલાહ–સુચન ન આપો ? એની હીલચાલ પર નજર ન રાખો ? કોને મળે છે, ક્યાં જાય છે ? અને વાંધાજનક હોય ત્યાં રોકો નહીં ?’’

‘‘અહીં તો સમાજ નીર્બંધ છે. આ દેશમાં કાયદેસર અસીમ સ્વતંત્રતા મળી છે, છોકરીઓ છોકરાઓને મળવા જાય. બનીઠનીને તમારા દેખતાં જાય. તમારાથી રોકાય નહીં. છોકરાને મળે અને તે છુટ લે તો શું થાય તે મેં એને બરાબર સમજાવ્યું જ હતું. બાળક જન્મે તો કેટલી મુસીબત આવે એ પણ કહ્યું જ હતું. છતાં એ એના બૉયફ્રેન્ડ પાસે જતી જ. રોકું તોય ઝઘડો કરીને જતી. છેવટે મેં અને ગર્ભનીરોધક ગોળીઓ આપી હતી. પણ એણે જાતે જાણીજોઈને ગોળીઓ ગળી જ નહીં. અને આ બાળક લાવી ! મને કહે છે, ‘મા બનવું કેટલું રોમાંચક છે ! આપણા લોહીમાંસનું સર્જન થાય. ધીરે ધીરે વીકાસ પામે. એનામાં આપણો સ્વભાવ, રુપ, બુદ્ધી ઉતરે. કેવી અદ્ભુત વાત છે ! આનો અનુભવ કર્યા વીના કેમ રહું ?’ હવે શું સમજાવું એને ?’’

‘‘બાળકના જન્મની સાથે જવાબદારી પણ આવે. એનો ખ્યાલ એને નથી ?’’

‘‘કાલનો ક્યાં વીચાર જ કરે છે આ યુવા પેઢી ? બૉયફ્રેન્ડ પરણે નહીં તો હુંફ, સહાય વીના બાળક ઉછેરવાનું આવશે એવી શંકાય મનમાં નથી લાવતી ! એ તો કહે છે, ‘બસ ! વર્તમાનની આ ક્ષણોને મન ભરીને માણી લો.’ કોઈ ગંભીર વીચાર નહીં, અભીગમ નહીં.’’

‘‘પણ તમે એની આવી વાતનો સદંતર વીરોધ કેમ ન કર્યો ? સાથે રાખી જ શું કામ ? નવમહીનામાં જ બધી ખબર પડી જાત. બૉયફ્રેન્ડની પણ પરીક્ષા થઈ જાત. જીન્દગી કંઈ મજાક છે ?’’

‘‘જીન્દગી મજાક નથી; પણ એની એને સમજ પાડવા એને આવી અવસ્થામાં કાઢી મુકાય ? અમેરીકામાં દર વરસે પાંચ હજાર કાચી ઉંમરની કુંવારી કન્યાઓ બાળકને જન્મ આપે છે. વધારે અનીષ્ટ ન બને, નવજાત બાળક રખડી ન પડે તે માટે સરકાર પણ ઘણા પ્રકારે મદદ કરે છે. પરીસ્થીતીને પહોંચી વળવાની છોકરીઓને હીમ્મત આપે છે. ત્યારે આપણે આપણી જ દીકરીને તરછોડીએ ? આપણે એના છીએ, એના માટે છીએ, એ થોડી ધીરજ રાખશે તો આપણી સહાયથી આ સમય સારી રીતે પસાર થઈ જશે, એમ ઉલટું એને વારંવાર કહેવું અને કરી બતાવવું જોઈએ. એને સહાય ન કરીએ તો એ બાળકને ત્યજી દે અને ગુના પર ગુના બનતા જ જાય અને નીર્દોષ બાળકનું જીવન ચુંથાઈ જાય. માટે ફ્લોરાએ લગ્ન નથી કર્યાં એ વાત હું મન પર લાવતી જ નથી. એને એકે કડવો શબ્દ નથી કહેતી.’’

ઍનીની સમજદારી માટે મને ભાવ ઉભરાયો. મેં કહ્યું, ‘‘નાનકડી જેનીને જોવા આવું ?’’

“જરુરથી,” એણે કહ્યું. હું એને ઘરે ગઈ ત્યારે જોયું કે ફ્લોરાના રુમમાં ચારેબાજુ જાતજાતનાં રમકડાં ગોઠવ્યાં હતાં. ભીંતો પર તંદુરસ્ત બાળકોનાં આકર્ષક ફોટાઓ લગાવ્યા હતા. રુમનું વાતાવરણ પ્રસન્નકર હતું.

આ બાળકીનો જન્મ હજારો ચીંતાઓ લાવ્યો હતો; છતાં એનું આવું સ્વાભાવીક અને ઉમળકાભર્યું સ્વાગત ! અણગમતા બાળ–આગમનનો આવો મહીમા ! આ બાઈની સ્વસ્થતા પર હું તો વારી જ ગઈ. કેટલો ઉલ્લાસ–ઉત્સાહ એનામાં છે !

ત્યાં ટેબલ પર આલ્બમ પડ્યું હતું. મને બતાવતાં કહે, “જુઓ, આમાં મારું બાળપણ પડ્યું છે.” આલ્બમ હાથમાં લેતાં મેં પુછ્યું, “તમે મુળ ક્યાંનાં ?”

“ફ્રાન્સની. મારા પીતા ખેડુત હતા. અમારે ઘરે ગાયો હતી. ઘોડો હતો. ખુબ મઝાનું જીવન હતું.” પછી સ્વગત બોલતી હોય તેમ એ બોલી, “જીવનમાં સુખના દીવસો થોડા હોય છે. ખુબ થોડા. તેથી જ તે મમળાવ્યા કરવાનું. બાકી તો જીવન રોળી નાખે એવા દુ:ખ આપનારા દીવસો જ વધારે.”

“અલ્પ સુખને ક્યાં સુધી મમળાવ્યા કરો ?”

“મારી આ બે આંખો કાયમ ઉજળી બાજુ જુએ છે. સૌંદર્ય જુએ અને સુખ પામે. જ્યારે હું આ જેઈનીને હાથમાં લઉં છું ત્યારે કુંવારી દીકરીનું આ બાળક કેટકેટલી વીટંબણાઓ સર્જશે એમ વીચારી ભયભીત નથી થતી. બધી શંકા, કુશંકા, ચીંતાઓને વેગળાં કરી, એનાં નાજુક હાથપગને ચુમું છું. એ મારું જ લોહી છે એવા હરખથી છાતી સરસી ચાંપું છું. મને એના ચહેરા પર ક્યાંય પાપ નથી દેખાતું. એ હસે ને સાવ હળવી બનીને હું સામે હસું. રડવાનો કે નીસાસા નાખવાનો મારો સ્વભાવ જ નહીં.”

“તમારે સારા પગારની નોકરી હશે,” ન પુછાય તેવો સવાલ સહજતાથી જ મારાથી પુછાઈ ગયો.

“હું ખાસ ભણી નથી, કોઈ વીશીષ્ટ અનુભવ પણ નથી એટલે ઉંચા પગારની નોકરી તો નથી. શરીરમાં તાકાત હતી ત્યારે કારખાનામાં લગભગ મજુરી કહેવાય તેવી જૉબ કરતી. અત્યારે તો નાનાં બાળકોને સાચવવા જાઉં છું. જરુર પુરતું મળી રહે છે.”

ઍનીના આલ્બમનાં પાનાં હું ફેરવ્યે જતી હતી ને કોઈ પુરુષનો ફોટો દેખાય કે તરત પુછું, “આ કોણ ?” હું એના પતી વીશે જાણવા માગતી હતી. મારા મનની વાત એ સમજી ગઈ હોય એમ એ ધીમેથી બોલી, “હું પરણેલી નથી.” ને હું તો સડક થઈ ગઈ ! કંઈ બોલીયે ન શકી. એની સામે જ જોતી રહી. થોડી વારે એ બોલી, “મારી જ ભુલ મારી દીકરીઓ કરે છે. વીશ્વાસુ સ્વભાવ, અત્યંત લાગણીમાં દોરવાઈને આંખો મીંચી બધું સોંપી દે છે. મારો આ સ્વભાવનો વારસો મારી દીકરી કેથીમાં અને તેની દીકરી ફ્લોરામાં ઉતર્યો. અમારાં ઘર પુરુષ વગરનાં રહેવા જ સર્જાયાં છે.

‘‘તમે નસીબમાં માનો છો ?’’

‘‘ન માનવું હોય તોય માનવું પડે છે. આપણે ધારીએ કે હું કરું તેમ થાય, હું ધારું એ કરું; પણ એ ભ્રમણા છે. જે કરીએ તેની અસરો કેવી દુરગામી છે ! બધેથી તમને જકડી લે, બાંધી દે. આ સ્વતંત્ર દેશમાંયે તમે તમારી સ્વતંત્રતા ગુમાવી દો. એક ક્ષણની ઘટના આખું જીવન હચમચાવી દે. જીવનનું રુપ જ બદલાઈ જાય ! ઉલ્કાપાત મચી જાય. આવા સમયે જીવવું સહેલું નથી. પોતાનું બાળક પોતાની છાતીએ વળગાડીને જીવવું, એકલા હાથે જીવવું..

‘‘ફ્રાન્સ છોડી હું અમેરીકા આવી; પણ મારું નસીબ તો જુઓ ! મનમાં હતું : કેથેરાઈન મોટી થશે એટલે એને પરણાવી દઈ હું પરણીશ. પણ પંદર જ વરસની ઉંમરે એ દીકરી લાવી. એનું જીવન છીન્નભીન્ન થઈ ગયું. બે વરસે બીજી દીકરી આવી. છોકરાઓનો સંગ એ છોડી ન શકી. એ બે દીકરીઓને મેં ગળે વળગાડી. મારા મનમાં હતું કે આ દીકરીઓ મોટી થશે ને હું ક્યાંક મારું ઠેકાણું પાડીશ. પણ ઈશ્વરને એ મંજુર નથી. હવે મારે આ જેઈનીને મોટી કરવાની !..

‘‘તોય આ દેશમાં તમે સ્વમાનથી જીવી શકો છો. કોઈ તમને હડધુત નથીકરતું. ગમે તે ઉંમરે લગ્નની શક્યતા પણ રહે છે..

‘‘છતાંય થાય છે કે, જાતીયજીવનમાં જ સુખ શોધવાની ભુલ કેમ અમે કરતાં હોઈશું ? સંયમ કેમ નહીં દાખવતાં હોઈએ ? વૃત્તીઓને અંકુશમાં રાખવાનું તમારી ભારતીય સંસ્કૃતીની જેમ અમારા  લોહીમાં કેમ મળતું નહીં હોય ? અમારું જીવન વસમું છે..’’

આટલું  કહી ઍની તો જેઈનીને જોવા બાજુના ઓરડામાં ઉપડી ને હું તો વીમાસતી ને વીચારતી જ રહી ! રાતોની રાતો…!

–અવંતીકા ગુણવંત

સંપર્ક : ‘શાશ્વત’, કે. એમ. જૈન ઉપાશ્રય સામે, ઑપેરા સોસાયટીની બાજુમાં, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭, ટેલીફોન : (૦૭૯) ૨૬૬૧ ૨૫૦૫ ઈ–મેઈલ : avantika.gunvant@yahoo.com

લેખીકાના ‘પ્રેમ ! તારાં છે હજાર ધામ’ વાર્તાસંગ્રહ(પ્રકાશક : આર.આર શેઠ, ‘દ્વારકેશ’, રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧ ટેલીફોન: ૦૭૯– ૨૫૫૦ ૬૫૭૩ ઈ–મેઈલ : sales@rrsheth.com, પ્રથમ આવૃત્તી: ૨૦૦૫, પૃષ્ઠ : ૨૧૬, મુલ્ય :  રુપીયા ૧૧૦) માંથી સાભાર..

@@@

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: ત્રીજું – અંક: 142 – February 24, 2008

‘ઉંઝાજોડણી’માં પુનરક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@@@@@